ધર્મસાગરજી મહારાજ આદિની દીક્ષા થઈ છે. પૂજ્યશ્રીએ વર્ધમાન તપ આયંબિલની ૯૪મી ઓળી કરી છે. આજે પણ સતત તપ અને સ્વાધ્યાયમગ્ન રહેતા અને શાસનપ્રભાવનાનાં કાર્યોમાં પ્રવૃત્ત રહેતા એવા પૂ. આચાર્યદેવ શ્રી ભદ્રબાહુસાગરસૂરીશ્વરજી મહારાજ અનેકોના પ્રેરણાસ્થાને શોભી રહ્યા છે. શ્રી શાસનદેવ પૂજ્યશ્રીને નિરામય દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના સાથે પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિશઃ વંદના !

---

### જાહેર ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ યશસ્વી નામનાને વરેલા–અજોડ પ્રવચનકાર; પ્રભાવશાળી વ્યક્તિત્વ ધારણ કરનાર

## પૂ. આચાર્યશ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ

કાદવમાં રહીને જે કાદવથી અલિપ્ત રહે છે તેને 'પદ્મ' કહેવાય છે, પાણીથી ભરપૂર હોય છતાં જે છલકાય નહીં તેને 'સાગર' કહે છે; અને જે 'પદ્મ' પણ છે અને 'સાગર' પણ છે તેમને 'પદ્મસાગર' કહેવાય છે. આ સંસારમાં કેટલાક એવા જીવો જન્મ લે છે, જેમની આત્મિક આભા અને સદ્‌ગુણોની સુવાસ સૌને સુગંધિત અને આનંદિત કરી મૂકે છે! આવા વિરલ મહાત્માઓનું વ્યક્તિત્વ જનસામાન્યથી નિરાળું અને અદ્‌ભુત હોય છે. તેઓની વિશિષ્ટતાઓ વંદનીય હોય છે. આવી વિભૂતિઓ સ્વજીવનના ઉચ્ચ આદર્શો દ્વારા પ્રાણી માત્રના કલ્યાણની ભાવના પૂર્વક સર્વ આત્માઓના હિતનું મંગલ માર્ગદર્શન કરે છે. પરમ શ્રદ્ધેય પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ એવા જ એક દેદીપ્યમાન સિતારા છે. પૂજ્યશ્રીનો જન્મ તા. ૧૦–૯–૧૯૩૫ને શુભ દિને અજીમગંજ (બંગાળ)ની પાવન વસુંધરા પર થયો. પિતાનું નામ શ્રી રામસ્વરૂપસિંહ અને માતાનું નામ ભવાનીદેવી હતું. પૂજ્યશ્રીનું સંસારી નામ પ્રેમચંદ રાખવામાં આવ્યું હતું. જન્મથી તેમનામાં નમ્રતા, વિવેક, વિનય, સરળતા, નિજાનંદની મસ્તી, ભાવનાશીલતા, મધુભાષીપણું, ગુણજ્ઞદૃષ્ટિ એવા સદ્‌ગુણો વારસામાં મળ્યા હતા. તેમનું પ્રાથમિક શિક્ષણ અજીમગંજમાં જ થયું. ત્યાર પછી ધાર્મિક અને વ્યાવહારિક ઉચ્ચ શિક્ષણ કાશીવાળા આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીની પ્રેરણાથી મધ્યપ્રદેશના શિવપુરી શહેરમાં સ્થપાયેલા શ્રી વીરતત્ત્વ પ્રકાશન મંડળમાં રહીને પ્રાપ્ત કર્યું. ત્યાં તેમને વિભિન્ન ચિંતકો અને સાધુસંન્યાસીઓના સાહિત્યનું વાચન–મનન કરવાનો અવસર પ્રાપ્ત થયો.

વિદ્યાકાળ દરમિયાન તેમનું મન જીવનમાં કંઈક કરવા માટે વારંવાર ઉત્સુક રહ્યા કરતું હતું. ઘણાં આંતરિક ચિંતન પછી તેઓ એવા નિર્ણય પર પહોંચ્યા કે અતિ દુર્લભ માનવજીવન પામીને માત્ર ભૌતિકતાના રંગોમાં જ લપેટાઈ રહેવું, ભોગ અને આસક્તિમાં રચ્યા–પચ્યા રહેવું એ તો પશુતુલ્ય જીવનની નિશાની છે. માનવીનો અણમોલ અવતાર સાધના-સુકૃત માટે છે. એ રીતે તેમણે પોતાના જીવનની દિશા સુનિશ્ચિત કરી દીધી. શ્રી વીતરાગ પ્રભુ પ્રેરિત સંયમમાર્ગ અપનાવીને રત્નત્રયીની આરાધના દ્વારા સ્વપરના કલ્યાણનો માર્ગ ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો. અને એ સંકલ્પની સિદ્ધિ રૂપે તેમને સં. ૨૦૧૧ના કારતક વદ ૩ના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શુભ દિને, ગુજરાતની પુણ્યભૂમિ આણંદ મુકામે પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ કૈલાસસાગર-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે દીક્ષા આપવામાં આવી અને મુનિ શ્રી પદ્મસાગરજી નામે ઘોષિત કરવામાં આવ્યા. વિરાટ વ્યક્તિત્વ, પ્રભાવશાળી વાણી અને વિશાળ શાસનપ્રભાવનાથી પૂજ્યશ્રીનો સંયમપર્યાય સોળે કળાએ શોભી રહ્યો. તીવ્ર સ્મરણશક્તિ, અપૂર્વ અભ્યાસપ્રીતિ અને પૂજ્યપાદ ગુરુદેવશ્રીના અંતઃકરણના આશીર્વાદથી બહુ થોડા સમયમાં માત્ર ધર્મગ્રંથોનો જ નહીં પરંતુ ન્યાય, વ્યાકરણ, દર્શનશાસ્ત્ર, કાવ્ય આદિ વિષયોનો અગાધ અભ્યાસ કરી લીધો. આગમગ્રંથોનું ઊંડું પરિશીલન કર્યું.

મનોહર મુખમુદ્રા, ચમકભરી આંખો, આકર્ષક અને પ્રભાવશાળી વ્યક્તિત્વ તથા સુમધુર વાણીથી લાખો જિજ્ઞાસુઓ પૂજ્યશ્રી પ્રત્યે આકર્ષિત રહે છે. મહાપુરુષ ક્યારેય કોઈ પણ ગચ્છ-સમ્પ્રદાયની સીમાઓમાં સીમિત રહેતા નથી. સ્થાન, સમય અને સંપ્રદાયનાં બંધનો પૂજ્યવરને બાંધી શકતા નથી. પૂજ્યશ્રી પોતાનાં પ્રવચનોમાં ઘણી વાર કહે છે કે, "હું બધાંનો છું, બધાં મારાં છે. હું મુસ્લિમોનો પીર, હિન્દુઓનો સંન્યાસી, ઈસાઈઓનો પાદરી, શીખોનો ગુરુ અને જૈનોનો આચાર્ય છું." આવી વિશાળ, ઉદાર અને વિશ્વવ્યાપી ભાવનાને લીધે પૂજ્યશ્રી કર્ણાટક, તામિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત આદિ પ્રદેશોમાં જ્યાં જ્યાં વિચર્યા છે તે દરેક પ્રદેશનાં ગ્રામ-નગરોમાં તેઓશ્રીને ઘણાં યશ-કીર્તિ પ્રાપ્ત થયાં છે. પૂજ્યશ્રીના મુખની એક ઝલકને પામવા લાલાયિત થતી હજારો આંખો, પૂજ્યશ્રીની સુમધુર વાણીની અમૃતધારા પામવા આતુર હજારો કાન, પૂજ્યશ્રીનાં ચરણો પાછળ ચાલવા માટે તત્પર હજારો કદમ તેઓશ્રીની સર્વાધિક અને અદ્વિતીય લોકપ્રિયતાના પરિચાયક છે. પ્રકાંડ પાંડિત્યથી ભરપૂર અને વાક્મધુ ટપકતાં લલિતમધુર પ્રવચનોથી પ્રભાવિત થનારો વિશાળ વર્ગ પૂજ્યશ્રીની લોકપ્રિયતાનાં પ્રમાણો છે. પૂજ્યશ્રીએ ઘણા ટૂંકા સમયમાં શાસનપ્રભાવનાનું અજોડ કીર્તિમાન સ્થાપિત કર્યું છે તે વસ્તુતઃ સુવર્ણાક્ષરે લખવાયોગ્ય છે. તેઓશ્રીની શાસનપ્રભાવના વર્તમાન જૈન ઇતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સ્વાધ્યાય છે, જે યુગો સુધી શતસહસ્ર ધર્મપિપાસુઓનું પ્રેરણાસ્થાન રહેશે. પૂજ્યશ્રીના અથાગ પ્રયત્નોથી તીર્થસ્થાન જેવું ભવ્ય અને ગ્રંથભંડારોમાં વિરલ એવું સ્થળ ગાંધીનગર કોબા ગામે નિર્માણ થયું છે. પૂજ્યશ્રીનું વ્યક્તિત્વ અને કૃતિત્વ અજોડ છે. વળી, તેમાં પૂજ્યશ્રી રાજકીય અને જાહેર ક્ષેત્રે પણ સારો સંપર્ક ધરાવે છે. પૂર્વાચાર્યોએ પણ રાજકીય સંપર્ક દ્વારા સારી પ્રભાવના કરી હતી તેનું સ્મરણ થાય તેવાં ધાર્મિક કાર્યો આજે પૂજ્યશ્રી સુસંપન્ન કરાવે છે. આવા મહાન શાસનપ્રભાવક આચાર્યદેવ જિનશાસનની જયપતાકા વધારે ને વધારે વિશાળ પાયે લહેરાવે અને તે માટે શાસનદેવ પૂજ્યશ્રીને સ્વસ્થ દીર્ઘાયુ બક્ષે એવી અભ્યર્થના સાથે શતશઃ વંદના !

પૂજ્યશ્રીનો શિષ્ય-પ્રશિષ્ય પરિવાર આ પ્રમાણે છે : ૧. પૂ. પંન્યાસશ્રી ધરણેન્દ્રસાગરજી મહારાજ, ૨. ગણિવર્ય શ્રી વર્ધમાનસાગરજી મહારાજ, ૩. મુનિશ્રી અમૃતસાગરજી મહારાજ, ૪. મુનિશ્રી અરુણોદયસાગરજી મહારાજ, ૫. મુનિશ્રી વિનયસાગરજી મહારાજ, ૬. મુનિશ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ, ૭. મુનિશ્રી નિર્મલસાગરજી મહારાજ, ૮. મુનિશ્રી નિર્વાણસાગરજી મહારાજ, ૯. મુનિશ્રી વિવેકસાગરજી મહારાજ, ૧૦. મુનિશ્રી અજયસાગરજી મહારાજ,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

૧૧. મુનિશ્રી વિમલસાગરજી મહારાજ, ૧૨. મુનિશ્રી અરિહંતસાગરજી મહારાજ, ૧૩. મુનિશ્રી મહેન્દ્રસાગરજી મહારાજ, ૧૪. મુનિશ્રી અરવિંદસાગરજી મહારાજ, ૧૫. મુનિશ્રી નયપદ્મસાગરજી મહારાજ, ૧૬. મુનિશ્રી પદ્મોદયસાગરજી મહારાજ, ૧૭. મુનિશ્રી પ્રશાંતસાગરજી મહારાજ, ૧૮. મુનિશ્રી ઉદયસાગરજી મહારાજ, ૧૯. મુનિશ્રી પદ્મરત્નસાગરજી મહારાજ, ૨૦. મુનિશ્રી અમરપદ્મસાગરજી મહારાજ, ૨૧. મુનિશ્રી અમરસાગરજી મહારાજ, ૨૨. મુનિશ્રી પદ્મવિમલસાગરજી મહારાજ, ૨૩. મુનિશ્રી ગુણરત્નસાગરજી મહારાજ આદિ.

પૂજ્યપાદ આગમોદ્ધાર આચાર્ય ભગવંત

# આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ

તથા તેઓશ્રીના સમુદાયવર્તી પૂજ્ય આચાર્ય મહારાજો

૧. પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ૦
૨. પૂ. આ. શ્રી મતિસાગરસૂરીશ્વરજી મ૦
૩. પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ૦
૪. પૂ. આ. શ્રી હેમસાગરસૂરીશ્વરજી મ૦
૫. પૂ. આ. શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦
૬. પૂ. આ. શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ૦
૭. પૂ. આ. શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ૦
૮. પૂ. આ. શ્રી ચિદાનંદસાગરસૂરીશ્વરજી મ૦
૯. પૂ. આ. શ્રી કંચનસાગરસૂરીશ્વરજી મ૦
૧૦. પૂ. આ. શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ૦
૧૧. પૂ. આ. શ્રી નરેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦
૧૨. પૂ. આ. શ્રી રૈવતસાગરસૂરીશ્વરજી મ૦
૧૩. પૂ. આ. શ્રી દૌલતસાગરસૂરીશ્વરજી મ૦
૧૪. પૂ. આ. શ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ૦
૧૫. પૂ. આ. શ્રી યશોભદ્રસાગરસૂરીશ્વરજી મ૦
૧૬. પૂ. આ. શ્રી જિતેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org